ગાંધીનગરને ૩૯૫ કરોડના વિકાસ કામોની ડિઝીટલી ભેટ

કોરોના સમયમાં પાટનગરને ૬૮૬ કરોડના કામોની ભેટ : વિકાસ એ જ માત્ર લક્ષ્ય સાથે જ્યાં માનવી ત્યાં સુવિધાના મંત્રથી સેવારત આ સરકારને જનતા જનાર્દને સર્વત્ર સ્વીકારી મત નહિં આશીર્વાદ આપ્યા છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના મહાનગરો-નગરોને રસ્તા, લાઇટ, પાણી, ગટર જેવી પ્રાથમિક સુવિધાઓથી ઉપર ઉઠીને વર્લ્ડકલાસ વિકાસ સાધે તેવાં સ્માર્ટ સિટીઝ બનાવવાની નેમ વ્યકત કરી છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે હવે આપણે ૨૪૮૭ પાણી, મેટ્રોલ રેલ જેવી સુવિધા, રિયુઝ ઓફ ટ્રિટેડ વોટર, ગ્રીન-કલીન ટ્રાન્સપોર્ટેશન અને ડિઝીટલ સેવાઓથી સ્માર્ટ-સસ્ટેઇનેબલ શહેરોના નિર્માણ સાથે આયોજનબદ્ધ વિકાસ અને પ્રગતિની નવી દિશા લીધી છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના પાટનગર ગાંધીનગર મહાનગરમાં રૂ. ૩૯૫ કરોડના વિવિધ વિકાસ કામોના ડિઝીટલી લોકાર્પણ-ખાતમૂર્હત સંપન્ન કર્યા હતા.

વિજયભાઇ રૂપાણીએ આ પ્રસંગે ગાંધીનગર મહાપાલિકા તંત્ર અને પદાધિકારીઓને ખૂબ જ ટૂંકા સમયમાં આ વિકાસકામો માટે અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે પાછલા એક-સવા વર્ષથી કોરોના સંક્રમણની વ્યાપકતા વચ્ચે પણ ગુજરાતની વિકાસ ગતિ અટકી નથી. જ્યાં માનવી ત્યાં સુવિધાના મંત્ર સાથે આ સરકારે કોરોના કાળમાં રૂ. ૨૮ હજાર કરોડના વિકાસ કામો હાથ ધર્યા છે.

હવે આપણે ૮ મહાનગરો સહિત રાજ્યના નગરોમાં આધુનિક આયામો સાથે મેટ્રોરેલ જેવી સગવડો આપીને ગ્રીન-કલીન ટ્રાન્સપોર્ટેશન જેવી વ્યવસ્થા ઊભી કરવાની મનસા રાખી છે એમ તેમણે ઉમેર્યું હતું.

વિજયભાઇ રૂપાણીએ નગરો-મહાનગગરોના વિકાસને વધુ વેગવંતો બનાવવા રાજ્યના આ વર્ષના બજેટમાં શહેરી વિકાસ વિભાગ માટે રૂ. ૧૪ હજાર કરોડની ફાળવણી કરી છે તેની પણ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વિકાસ એ જ માત્ર લક્ષ્ય અને છેવાડાના માનવી ગરીબ, વંચિત, પીડિત સુધી વિકાસના ફળ પહોચે તેવા ધ્યેય સાથે કાર્યરત આ સરકારને જનતા જનાર્દને પણ સર્વત્ર સ્વીકારી મત નહિં આશીર્વાદ આપ્યા છે.

મુખ્યમંત્રીએ વિશ્વાસ દર્શાવ્યો કે આવનારા દિવસોમાં પાટનગર ગાંધીનગરના નાગિરકો પણ વિકાસની આ રાજનીતિને વધાવશે અને ગાંધીનગરના વિકાસ કામો પ્રગતિના આ પથને વધુ ઉન્નત બનાવવામાં પ્રેરણારૂપ બનશે.

ગાંધીનગરના મેયર રિટાબહેન પટેલે સૌને આવકારી રૂ. ૩૧૭ કરોડના વિવિધ ખાતમૂર્હત અને રૂ. ૭૮ કરોડના લોકાર્પણ કામોથી પાટનગરમાં શહેરી જનજીવન સુખકારી સુવિધામાં વૃદ્ધિ થશે તેનો આનંદ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીના હસ્તે આ અવસરે ખાતમૂર્હત થયેલા કામોમાં મુખ્યત્વે સોલીડ વેસ્ટ કલેકશન, હયાત આસ્ફાલ્ટ રોડ રિસરફેસ, સી.સી.રોડ નિર્માણ, પાટનગરના ૬ પ્રદેશદ્વાર પર ગેન્ટ્રી, બે અંડર પાસ, ભૂગર્ભ ગટરના કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહાપાલિકા કચેરી લોકાર્પણ, નવા વ્હીકલ પૂલનું બાંધકામ અને ચ-૦ સર્કલ ખાતે ૩૦ મીટર ઊંચા રાષ્ટ્રધ્વજ પોલના કામોના ડિઝીટલી લોકાર્પણ-ખાતમૂર્હત મુખ્યમંત્રીએ કર્યા હતા.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, થોડીવાર રાહ જુઓ મારો ફોટોગ્રાફર આવે જ છે...!!

ગરમી શરૂ થતા જ નવા સેકટરોમાં પાણીની સમસ્યા, રહીશોમાં આક્રોશ

સે-૪ની સાથે સે-૩/સીમાં પણ સવારે સપ્લાય સમયે ફોર્સથી પાણી ન આવતુ હોવાનો સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા ૧૯

શહેરના નવા સેકટરોમાં છેલ્લા ચાર પાંચ દિવસથી પાણીની સમસ્યા ઉઠવા પામી છે. સે-૪ માં આમ પણ પાણીનો પ્રશ્ન હજુ હલ થયો નથી ત્યારે સે-૩ સી માં પણ પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. સવારે સપ્લાયના અંતે મકાનોમાં પાણીની ટાંકી પણ પુરતી ભરાતી ન હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

ગરમીના દિવસોની શરૂઆતમાં જ પાણીનો ફોર્સ ઘટતા સેકટરવાસીઓએ ત્વરિત ફોર્સથી પાણી મળે તેવી વ્યવસ્થા કરવા માટે રજુઆત કરી છે.

શહેરના નવા સેકટરોમાં છેલ્લા ચાર પાંચ દિવસથી પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શહેરના સે-૪ માં પાણીની ગુણવત્તા અને ફોર્સ સામે અનેકવાર સવાલો મંડરાય છે. ત્યારે પાણીનો નવો બોર બનાવાયા બાદ પણ સેકટરમાં પાણીની સમસ્યા યથાવત હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે સે-૩ માં પણ પાણી ફોર્સથી ન આવતુ હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સે- ૩ સી માં છેલ્લા ચાર પાંચ દિવસથી પાણીનો ફોર્સ ઘટી ગયો છે. જેના લીધે સેકટરના રહીશોના મકાનમાં પાણીની ટાંકી પણ પુરી ભરાતી નથી.

શહેરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. સ્માર્ટ સીટી અન્વયે સમગ્ર શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનુ પણ આયોજન કરાયુ છે. જયારે નવી લાઇન નાંખવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે જેના અંતે સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે આયોજન કરવામાં આવશે. પરંતુ હાલની સ્થિતિએ સેકટરોમાં પાણીનો પ્રશ્ન યથાવત છે. એકબાજુ ગરમીના દિવસો શરૂ થઇ ગયા છે ત્યારે આકરી ગરમીમાં અચાનક જ પાણી ફોર્સથી ન આવતા સાંજ ઢળતા સેકટરવાસીઓ પાણીની બુમ ઉઠાવી રહ્યા છે. સવારના સપ્લાય સમયે સેકટરવાસીઓના ઘરમાં પુરી ટાંકી પણ ભરાતી નથી. તંત્રએ ત્વરિત નવા સેકટરોમાં સર્વે કરી પાણીની સમસ્યા ડામવા માટે પગલા લેવા રહીશોએ માંગ ઉઠાવી છે.

ખૂણેખાંચરેથી

- સચિવાલય સંકુલમાં પાંચ નાયબ સચિવ કક્ષાના અધિકારીઓ સંક્રમિત થતાં કર્મચારી આલમમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. તેમની શાખાના કર્મયોગીઓ પણ સંક્રમિત થયાની વાતો કર્મચારી આલમમાં ચર્ચાનો મુદ્દો છે.
- ગાંધીનગર સચિવાલયની પોઈંટ બસોની ઉપડ્યા પછી જે સ્પર્ધા જાગે છે તે ગમખ્વાર અકસ્માત સર્જશે તેવી ભીતિ નગરજનો વ્યક્ત કરી રહ્યા છે. અહિ વળાંક પર પોલીસ પોઈંટ અને કેબિન પણ છે પરંતુ તે બંધ છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે જિલ્લા સંકલન સમિતિ અને લેન્ડ ગ્રેબીંગના કેસો માટે જિલ્લાકક્ષાની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળશે.
- ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે સામાન્ય વહીવટ વિભાગની ચર્ચામાં ભાગ લઈ કથળતા જતા તંત્ર અંગે તેમજ મનપાના વહીવટની કેટલીક ગંભીર વાત કરી સરકારનો કાન આમળ્યો હતો.
- રાજ્ય વિધાનસભા ગૃહ આજે ત્રીજો શનિવાર હોવાથી મળશે.
- ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈ ભાજપ-કોંગ્રેસ અને આપ દ્વારા ખાનગી બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે.
- જર્નાલીસ્ટ પ્રેસ કાઉન્સીલ ઈન્ડિયાના ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે બાયડના પ્રવિણભાઈ પટેલની નિમણુંક થઈ છે.

મનપાના કાઉન્સીલર પિન્કીબેન પટેલે ભ્રષ્ટાચાર સામે પગલાં લેવા રાજયપાલશ્રીને પત્ર લખ્યો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મનપાના કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે આજે રાજયના રાજયપાલશ્રીને પત્ર લખી મનપામાં ચાલી રહેલ ભ્રષ્ટાચાર અને તંત્ર દ્વારા છાવરવાના થતા પ્રયાસો અટકાવી તટસ્થ તપાસ થાય તે માટે માંગ કરી છે.

રાજયપાલશ્રીને લખેલા પત્રમાં વિકાસ પરવાનગી વગરનું જી+૧૧ માળનું બીલ્ડીંગનું ગેરકાયદેસર બાંધકામ કમિશ્નર દ્વારા સીલ નથી કરવામાં આવ્યું તેનો ઉલ્લેખ કરવા ઉપરાંત સ્થાયી સમિતિએ નામંજૂર હોવા છતાં ગેરકાયદેસર રીતે બસ સ્ટેન્ડ બનાવવાનું કામ સોંપવામાં આવેલ છે તે, મેયરની ગ્રાન્ટ ૧૮-૧૯, ૧૯-૨૦ અને ૨૦-૨૧માં કયાં વાપરવામાં આવી તેનો હિસાબ આજ સુધી તેમને નહિ મળ્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે.

સેલ્ફી પોંઈટ બનાવવાની કામગીરી સ્થાયી સમિતિની મંજૂરી વગર ચાલુ કરવામાં આવેલ અને જુનું બાંધકામ તોડી નાખી નુકસાન કરેલ છે તેની જવાબદારી નક્કી કરી પગલાં લેવાની સ્થાયી સમિતિની ભલામણનો ઉલ્લેખ કર્યો છે.

શ્રીમતી પટેલે તેમના પત્રમાં જણાવ્યું છે કે આ બધા મુદ્દાઓ પર તમામ સ્તરે રજુઆત કરી ચુકયા છે પણ કોઈ જ પ્રતિસાદ કોઈ સ્તરેથી મળ્યો નથી. આપ બંધારણીય વડા છો અને ભ્રષ્ટાચારને આપ રોકશો એટલું જ નહિ પણ કડક પગલાં ભરશો તેવી મારી વિનંતી છે.

ડમ્પીંગ સાઈડ રદ થતાં પેથાપુરવાસીઓ આભાર માને છે

ગાંધીનગર, તા. ૧૯

પેથાપુર ગામની હદમાં આવેલ ડમ્પીંગ સાઈડને અન્યત્ર ખસેડવાની માંગણી કરી રહેલા ગામવાસીઓની માંગ સ્વીકારવામાં આવી છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને આ ડમ્પીંગ સાઈટને અન્યત્ર ખસેડવાનો આદેશ કર્યો છે. ડમ્પીંગ સાઈડ અન્યત્ર ખસેડવાનો નિર્ણય લેવાતા પેથાપુરના ગ્રામજનોએ સૌનો આભાર વ્યક્ત કર્યો છે.

ગાંધીનગરની ભાગોળે પેથાપુર ગામને અડીને આવેલી ડમ્પીંગ સાઈડ અહીંના રહેવાસીઓ માટે માથાનો દુ:ખાવો સાબિત થઈ હતી. અહીંના રહેવાસીઓનું જીવન દુષ્કર બન્યુ હતુ. અહીંથી પસાર થતા સમયે દુર્ગંધ સહન કરવી પડતી હતી. ડમ્પીંગ સાઈડની પાસે જીઈબી કોલોની, પેથાપુર ગામ અને સેક્ટર-૩૦ જેવી વસાહતો હોવાથી આ ડમ્પીંગ સાઈડને બંધ કરી અન્ય નિર્જન સ્થળે ખસેડવાની રજુઆત છેલ્લા ઘણા સમયથી પેથાપુર નગરપાલિકાના પૂર્વ ચેરમેન જીતેન્દ્રસિંહ વાઘેલા તેમજ અન્ય આગેવાનોએ કરી હતી. મનપાના મેયર રીટાબેન પટેલે આ બાબતે મુખ્યમંત્રીકક્ષાએ રજૂઆત કરતા આ ડમ્પીંગ સાઈડને અન્યત્ર ખસેડવાનો નિર્ણય મનપાએ લીધો છે. ગ્રામજનોએ આ નિર્ણય બદલ મનપા તથા સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

સે. ૧૧ના સ્માર્ટ વોટર એટીએમ ખાતે ટોળાતુ જોખમ

શહેરમાં મોટા ઉપાડે લગાડવામાં આવેલા 'સ્માર્ટવૉટર એટીએમ' ટૂંક જ સમયમાં બંધ થઈ જવા પામ્યાં છે અને ફરી ચાલુ થશે કે નહી તે અંગે કોઈ વર્તારો પ્રાપ્ત નથી. શહેરના અતિ વ્યસ્ત બની ચુકેલા કોમર્શિયલ વિસ્તાર સેક્ટર-૧૧માં સુમન ટાવર સામે લગાડાયેલા સ્માર્ટ વૉટર એટીએમની નીચે વૉટર સ્ટોરેજ અથવા અન્ય ઉપયોગ માટેની ટાંકીનું ઢાંકણ પણ ગુમ હોવાથી કોઈ રમતુ બાળક કે અન્ય વ્યક્તિ તેમાં પડી જઈ શકે તેવું જોખમ તોળાઈ રહ્યુ છે જેને સત્વરે બંધ કરવાની તજવીજ હાથ ધરવી જરૂરી જણાય છે.

સે-૧૧માં ૬ માળના કોર્ટ બિલ્ડીંગના પ્રોજેકટનુ કામ લાંબા સમયથી અટવાયુ

સે-૧૧માં એમ. એસ. બિલ્ડીંગ પાછળ ૧૯૦૦ ચો.મી. જગ્યામાં નવુ બિલ્ડીંગ બાંધવા હજુ વહીવટી મંજુરી નહી મળતા લાંબા સમયથી કામ વિલંબમાં પડયુ

ગાંધીનગર તા ૧૯

સે-૧૧ માં સ્થિત કોર્ટ બિલ્ડીંગમાં લીફટ સહીતની કોઈ સુવિધા નથી જયારે જુના બિલ્ડીંગને અગાઉ અપગ્રેડ કરવાની યોજના પડતી મુકાયા બાદ નવા કોર્ટ બિલ્ડીંગના નિર્માણ માટે એમ એસ બિલ્ડીંગની પાછળ અંદાજિત ૧૯૦૦ ચો મી જગ્યા પણ ફાળવવામાં આવી છે. પરંત લાંબા સમયના અંતે પણ પ્રોજેકટને અનુલક્ષીને વહીવટી મંજુરી ન મળતા પ્રક્રીયા આગળ વધી શકી નથી. ૬ મજલાના કોર્ટ બિલ્ડીંગના નિર્માણ માટે અંદાજિત રૂ ૧૨૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

ગાંધીનગર જિલ્લા ન્યાયાલયના નવા બિલ્ડીંગના નિર્માણનુ કામ અટવાયુ છે. લાંબા સમયના અંતે પણ આ પ્રોજેકટને વહીવટી મંજુરી મળી નથી જેના લીધે આગળની કાર્યવાહી થઇ શકતી નથી. સે-૧૧ માં જુના કોર્ટ બિલ્ડીંગ સુવિધા અને જરૂરિયાતને લઈને પુરતુ ન હોવાના લીધે અગાઉ આ બિલ્ડીંગમાં વધુ માળ બનાવવા તેમજ લીફટ મુકવા સહીતનુ કામ હાથ ધરવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ આખરે વિશાળ જગ્યામાં કોર્ટ બિલ્ડીંગ નવુ બાંધવા માટે નિર્ણય લેવાયો હતો જેના અંતે હાલ જુના કોર્ટ બિલ્ડીંગની બાજુમાં સ્થિત એમ એસ બિલ્ડીંગની પાછળની બાજુ કોર્ટ બિલ્ડીંગ બાંધવા માટે અંદાજિત ૧૯૦૦ ચો મી જગ્યા ફાળવવામાં આવી છે. જેમાં ૬ મજલાનુ અદ્યતન અને સુવિધાયુક્ત મકાન બાંધવાની યોજના પણ તૈયાર કરી દેવામાં આવી છે. જયારે નવા બિલ્ડીંગમાં ૪૦ જેટલા કોર્ટ રૂમ, મેડીટેશન રૂમ, ફ્રન્ટ ઓફિસ, રેકર્ડ રૂમ, કમ્પ્યુટર રૂમ, પેન્ટ્રી, કેન્ટીન, ફાયર સેફટી તેમજ વકીલ રૂમ સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. જયારે નવા કોર્ટ બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૧૨૬ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી કોર્ટ બિલ્ડીંગના નિર્માણની યોજના આગળ વધી શકી નથી. તંત્ર દ્વારા આ કાર્યયોજનાને અનુલક્ષી વિભાગ કક્ષાએ દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ આ કામગીરીને અનુલક્ષી હજુ સુધી વહીવટી મંજુરી ન મળતા કામ પ્રક્રીયા આગળ વધી શકી નથી. વહીવટી મંજુરીના અંતે અંદાજ તૈયાર કરી ટેન્ડર પ્રક્રીયાના અંતે ન્યાયાલયના નવા બિલ્ડીંગનુ કામ હાથ ધરાશે.

માણસા પાસેથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

કડી ખાતે થી ચોરાયેલા બાઈક સાથે ગાંધીનગર એલસીબીએ આરોપીને માણસા થી પકડી પાડ્યો હતો. પોલીસે રૂ.૨૦ હજારનું બાઈક કબ્જે કરી કાયદેસની કાર્યવાહી હાથ ધરી છે. પીએસઆઈ ડી.એસ. રાઓલ માણસા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે પોલીસે માણસા વિજાપુર ત્રણ રસ્તા પરથી યુવકને બાઈક સાથે પકડી પાડ્યો હતો. પોલીસે યુવકને નામ પુછતા તેણે કિર્તી ગાંડાજી ઠાકોર હોવાનું સામે આવ્યું હતું. યુવક પાસેથી મળેવા બાઈક નં જી.જે.૦૨.બી.એલ.-૧૪૩૨ અંગે પુછતાછ કરતા તે યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા તે યુવકે બે દિવસ અગાઉ બાઈક ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું.

ખાતમુહૂર્તના અભાવે પ્રાંત કચેરીના નવા બિલ્ડીંગનુ કામ શરૂ થયુ નથી

ભોંયરામાં પાર્કીંગ સાથે રાજયની પ્રથમ અદ્યતન કચેરીને અનુલક્ષી અંદાજિત ૩૫ કરોડનો ખર્ચ કરાશે

શહેરમાં નવી પ્રાંત કચેરીના નિર્માણની કામગીરી અટવાઈ છે. પ્રાંત કચેરીને અનુલક્ષી ખાતમુહુર્તની વિધી ન થતા હજુ સુધી વર્ક આર્ડર આપી દેવાયા બાદ પણ કચેરીના નવા બિલ્ડીંગનુ કામ શરૂ કરી શકાયુ નથી. બેઝમેન્ટ પાર્કીંગની સુવિધા સાથે રાજયમાં પ્રથમ નમુનારૂપ કચેરી બનાવાનુ આયોજન કરાયુ છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૩૫ કરોડના ખર્ચ કરવામાં આવશે.

શહેરમાં કલેકટર કચેરી પાછળ ના મેદાનમાં પ્રાંત કચેરીનુ નિર્માણ કરવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે પરંતુ ખાતમુહુર્તના અભાવે હજુ સુધી વર્ક ઓર્ડર આપી દેવાયા બાદ પણ નવા બિલ્ડીંગના નિર્માણની કામગીરી શરૂ કરી શકાઈ નથી. ગત તા ૧૧ માર્ચના રોજ અમિત શાહના હસ્તે પ્રાંત કચેરીના બિલ્ડીંગને અનુલક્ષી ખાતમુહુર્ત કરવાનુ હતુ પરંતુ કોઈ કારણોસર આ કાર્યક્રમ પડતો મુકાયો હતો જયારે હવે આ કાર્યયોજનાને અનુલક્ષીને વર્ક ઓર્ડર આપી દેવાયા બાદ પણ કામગીરી શરૂ કરવામાં વિલંબ થઈ રહ્યો છે. કલેકટર કચેરી પાછળ પ્રાંત કચેરીનુ ત્રણ મજલાનુ બિલ્ડીંગ બાંધવા માટે આખી કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જયારે સમગ્ર રાજયમાં આ પ્રાંત કચેરી નમુનારૂપ બને તે મુજબનુ આયોજન કરાયુ છે. રાજયની આ પ્રથમ બેઈઝમેન્ટ પાર્કીંગ ધરાવતી કચેરી બનાવાશે. જયારે કચેરીના નવા બિલ્ડીંગને અનુલક્ષી કમ્પાઉન્ડ વોલ, બગીચો, ફાયર સેફટીના સાધનો તેમજ ફર્નિચરનુ પણ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. નવી પ્રાંત કચેરીના બાંધકામ પાછળ અંદાજિત રૂ૩૫ કરોડનો ખર્ચ કરાશે. આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયાના અંતે વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. પરંતુ ખાતમુહુર્તના અભાવે કામગીરી અટવાઈ છે. આગામી જાન્યુઆરી વર્ષ ૨૦૨૨ સુધીમાં નવુ બિલ્ડીંગ તૈયાર કરી દેવાનુ આયોજન છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
નિવિદા નં. : ૧૬, સને ૨૦૨૦-૨૧
ટેન્ડર આઈડી નં. ૪૫૩૪૭૬

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી "Hiring NABL Consultation Services (inclusive of Transportation and stay at various laboratories all over Gujarat) inclusive of all Taxes NABL Accreditation Process as per ISO/IEC 17025:2017 for GWSSB Laboratories", અંદાજીત કિંમત રૂ. ૩૯.૦૪ લાખ માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૩૦/૩/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.

માહિતી/૨૧૮૦/૨૦-૨૧